# Celebration of Mahila Kisan Diwas on 15th October, 2023 at EEI, AAU Campus, Anand

**Media coverage of the Mahila Kishan Day-2023**

3 પ્રાતઃકાલ

# આણંદ ખાતે "રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ-૨૦૨૩" ની ઉજવણી

આણંદ, તા. ૧૬

આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રસાર શિક્ષણ ભવન,આણંદ અને કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ, નવી દિલ્હીના રાષ્ટ્રીય કૃષિ મહિલા સંશોધન કેન્દ્રના સહયોગથી "રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ-૨૦૨૩" નિમિત્તે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.બી.કથીરીયાની અધ્યક્ષતા હેઠળ બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચરના ઓડિટોરીયમ ખાતે એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે ડૉ. કે.બી. કથીરીયાએ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં કાર્યક્રમમાં ઉપસ્થિત તેમજ દેશની તમામ ક્ષેત્રે રહેલી મહિલાઓને રાષ્ટ્રીય કિસાન દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે મહિલાઓ કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવાની ક્ષમતા રાખે છે તેમ જણાવી કૃષિમાં પુરૂષો કરતાં પણ વધારે મોટો ફાળો મહિલાઓનો છે. ઘરની જવાબદારીઓ સંભાળવાની સાથે તેઓ કૃષિમાં પણ હજી વધુ સારી અને સરળ રીતે યોગદાન આપી શકે તે માટે મહિલા ખેડૂતોને જાગૃત કરવા અને જ્ઞાનસભર બનાવવા વિવિધ તાલિમોનું આયોજન કરવામાં માટે અને મહિલા સશક્તિકરણને પ્રબળ બનાવવા કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. કૃષિ અને ગ્રામીણ વિકાસમાં મહિલા ખેડૂતોની સિધ્ધિઓ વિશે જણાવી શ્રી કથીરીયાએ મહિલાઓના યોગદાન વિશે જણાવી પરિવાર, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી નિભાવતી નારી એ શક્તિનું પ્રતિક છે તેમ ગણાવ્યું હતું.






આ પ્રસંગે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, નવી દિલ્હીના અધિક કમિશ્નરશ્રી સંજય કુમાર એ રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસની ઉજવણીને ગર્વની સાથોસાથ આનંદની બાબત ગણાવતાં વિવિધ ક્ષેત્રે મહિલાઓના કૌશલ્યવિકાસની તકોને વધારવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે વધુમાં રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસની ઉજવણીના મુખ્ય હેતુની વાત કરતાં જણાવ્યું હતું કે મહિલા ખેડૂતોને વૈશ્વિક સાંપ્રત ઘટનાઓ, ટેકનોલોજીને લગતી નવીન બાબતો અને મહિલા વિકાસને લગતી સરકારી યોજનાઓ તથા મહિલાઓ માટે રહેલી ભાવી તકો વિશે માહિતગાર કરી મહિલાઓના વિકાસને વધુ પ્રબળ બનાવવાનો છે.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે વર્ચ્યુઅલી જોડાયેલાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, નવી દિલ્હીના જોઈન્ટ સેક્રેટરીશ્રી સેમ્યુઅલ પ્રવીણ કુમાર એ વિશ્વમાં ખેતીની શરૂઆત થઈ ત્યારથી જ મહિલાઓનો ખેતીમાં યોગદાન ખૂબ જ મહત્વનો રહ્યો છે તેમ જણાવી મહિલા યોગદાનને વધારવા માટે સરકાર દ્વારા અમલી કરાયેલ વિવિધ યોજનાઓ અને નિતિઓ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

કાર્યક્રમ દરમિયાન મહાનુભાવો દ્વારા વિવિધ ફોલ્ડર્સ અને પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ પુર્વે હોલ બહાર લગાવવામાં આવેલ વિવિધ મિલેટ્સ અને મહિલા સ્વસહાય જૂથો દ્વારા નિર્મિત પેદાશ-વસ્તુઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું જેની સૌ મહાનુભાવોએ મુલાકાત લીધી હતી અને નિરિક્ષન કર્યું હતું તેમજ બહેનોને અભિનંદન પાઠવ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆતમાં આણંદ કૃષિ યુનિવર્સિટિના પ્રસાર શિક્ષણ ભવનના નિયામકશ્રી ડૉ. જે.કે પટેલ દ્વારા સૌને આવકારવામાં આવ્યા હતાં. ત્યાર બાદ કૃષિ ક્ષેત્રે મહિલાઓ સામે આવતા પડકારો અને તકોની ચર્ચા કરવા અને મહિલાઓના સશક્તિકરણના મહત્વને પ્રકાશિત કરવા અંગે સેમીનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના વિવિધ વિભાગોના ડાયરેક્ટર સર્વશ્રી મનીષકુમાર ભાટીયા, શ્રી સજીથકુમાર અને જોઈન્ટ ડાયરેક્ટરશ્રી સંજયકુમાર ખાલીકર તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીના ડાયરેક્ટર સર્વશ્રી ડૉ. એમ. કે. ઝાલા અને ડૉ. એચ.બી.પટેલ તથા અન્ય અધિકારી-કર્મચારીગણ સહિત મોટી સંખ્યામાં મહિલા ખેડુતો ઉપસ્થિત રહ્યાં હતા.

**Pratah Kaal Dt: 16.10.2023**

# આણંદ ખાતે રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ-૨૦૨૩ની ઉજવણી




આણંદ, તા. ૧૫

આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રસાર શિક્ષણ ભવન, આણંદ અને કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ, નવી દિલ્હીના રાષ્ટ્રીય કૃષિ મહિલા સંશોધન કેન્દ્રના સહયોગથી રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ-૨૦૨૩ નિમિત્તે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. કે.બી.કથીરીયાની અધ્યક્ષતા હેઠળ એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડો. કે.બી.કથીરીયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત તેમજ દેશની તમામ ક્ષેત્રે રહેલી મહિલાઓને રાષ્ટ્રીય કિસાન દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે મહિલાઓ કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવાની ક્ષમતા રાખે છે તેમ જણાવી કૃષિમાં પુરૂષો કરતાં પણ વધારે મોટો ફાળો મહિલાઓનો છે.

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, નવી દિલ્હીના અધિક કમિશ્નર સંજય કુમાર એ રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસની ઉજવણીને ગર્વની સાથોસાથ આનંદની બાબત ગણાવતાં વિવિધ ક્ષેત્રે મહિલાઓના કૌશલ્યવિકાસની તકોને વધારવા માટે અનુરોધ કર્યો હતો.

મહાનુભાવો દ્વારા વિવિધ ફોલ્ડર્સ અને પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. વિવિધ મિલેટ્સ અને મહિલા સ્વસહાય જૂથો દ્વારા નિર્મિત પેદાશ-વસ્તુઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

મનીષકુમાર ભાટીયા, સજીથકુમાર અને સંજયકુમાર ખાલીકર તેમજ ડો. એમ. કે. ઝાલા અને ડો. એચ.બી.પટેલ તથા અન્ય અધિકારી-કર્મચારીગણ સહિત મોટી સંખ્યામાં મહિલા ખેડુતો ઉપસ્થિત રહ્યાં હતા.

**Naya Padkar dt: 16.10.2023**

# આણંદ ખાતે "રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ-૨૦૨૩"ની ઉજવણી






આણંદ,તા.૧૫

આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રસાર શિક્ષણ ભવન, આણંદ અને કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ, નવી દિલ્હીના રાષ્ટ્રીય કૃષિ મહિલા સંશોધન કેન્દ્રના સહયોગથી "રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ-૨૦૨૩" નિમિત્તે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.બી.કથીરીયાની અધ્યક્ષતા હેઠળ બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચરના ઓડિટોરીયમ ખાતે એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે ડૉ. કે.બી.કથીરીયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં કાર્યક્રમમાં ઉપસ્થિત તેમજ દેશની તમામ ક્ષેત્રે રહેલી મહિલાઓને રાષ્ટ્રીય કિસાન દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે મહિલાઓ કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવાની ક્ષમતા રાખે છે તેમ જણાવી કૃષિમાં પુરૂષો કરતાં પણ વધારે મોટો ફાળો મહિલાઓનો છે. ઘરની જવાબદારીઓ સંભાળવાની સાથે તેઓ કૃષિમાં પણ હજી વધુ સારી અને સરળ રીતે યોગદાન આપી શકે તે માટે મહિલા ખેડૂતોને જાગૃત કરવા અને જ્ઞાનસભર બનાવવા વિવિધ તાલિમોનું આયોજન કરવામાં માટે અને મહિલા સશક્તિકરણને પ્રબળ બનાવવા કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. કૃષિ અને ગ્રામીણ વિકાસમાં મહિલા ખેડૂતોની સિધ્ધિઓ વિશે જણાવી શ્રી કથીરીયાએ મહિલાઓના યોગદાન વિશે જણાવી પરિવાર, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી નિભાવતી નારી એ શક્તિનું પ્રતિક છે તેમ ગણાવ્યું હતું.

આ પ્રસંગે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, નવી દિલ્લીના અધિક કમિશ્નર સંજય કુમાર એ રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસની ઉજવણીને ગર્વની સાથોસાથ આનંદની બાબત ગણાવતાં વિવિધ ક્ષેત્રે મહિલાઓના કૌશલ્યવિકાસની તકોને વધારવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે વધુમાં રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસની ઉજવણીના મુખ્ય હેતુની વાત કરતાં જણાવ્યું હતું કે મહિલા ખેડૂતોને વૈશ્વિક સાંપ્રત ઘટનાઓ, ટેકનોલોજીને લગતી નવીન બાબતો અને મહિલા વિકાસને લગતી સરકારી યોજનાઓ તથા મહિલાઓ માટે રહેલી ભાવી તકો (અનુ.પાન ૭ પર)

**Divya Samachar dt: 16.10.2023**

**નવ ગુજરાત સમય**

# આણંદ ખાતે "રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ-2023"ની ઉજવણી

**નવગુજરાત સમય** > આણંદ

આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રસાર શિક્ષણ ભવન,આણંદ અને કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ, નવી દિલ્હીના રાષ્ટ્રરીય કૃષિ મહિલા સંશોધન કેન્દ્રના સહયોગથી "રાષ્ટ્રરીય મહિલા કિસાન દિવસ-૨૦૨૩" નિમિત્તે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.બી.કથીરીયાની અધ્યક્ષતા હેઠળ બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચરના ઓડિટોરીયમ ખાતે એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે ડૉ. કે.બી.કથીરીયાએ પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં કાર્યક્રમમાં ઉપસ્થિત તેમજ દેશની તમામ ક્ષેત્રે રહેલી મહિલાઓને રાષ્ટ્રીય કિસાન દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.




તેમણે મહિલાઓ કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવાની ક્ષમતા રાખે છે.

આ પ્રસંગે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, નવી દિલ્લીના અધિક કમિશ્નર સંજય કુમાર એ રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસની ઉજવણીને ગર્વની સાથોસાથ આનંદની બાબત ગણાવતાં વિવિધ ક્ષેત્રે મહિલાઓના કૌશલ્યવિકાસની તકોને વધારવા માટે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે વર્ચ્યુઅલી જોડાયેલાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, નવી દિલ્લીના જોઈન્ટ સેક્રેટરી સેમ્યુઅલ પ્રવીણ કુમાર એ વિશ્વમાં ખેતીની શરૂઆત થઈ ત્યારથી જ મહિલાઓનો ખેતીમાં યોગદાન ખૂબ જ મહત્વનો રહ્યો છે તેમ જણાવી મહિલા યોગદાનને વધારવા માટે સરકાર દ્વારા અમલી કરાયેલ વિવિધ યોજનાઓ અને નિતિઓ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

કાર્યક્રમ દરમિયાન મહાનુભાવો દ્વારા વિવિધ ફોલ્ડર્સ અને પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ પુર્વે હોલ બહાર લગાવવામાં આવેલ વિવિધ મિલેટ્સ અને મહિલા સ્વસહાય જૂથો દ્વારા નિર્મિત પેદાશ-વસ્તુઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના વિવિધ વિભાગોના ડાયરેક્ટર સહિત મોટી સંખ્યામાં મહિલા ખેડુતો ઉપસ્થિત રહ્યાં હતા.

**Nav Gujarat Samay dt: 16.10.2023**

**SANDESH** **TUESDAY, 17•10•2023**

# આણંદ કૃષિ યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસની ઉજવણી

## પરિવાર, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી નિભાવતી નારી એ શક્તિનું પ્રતીક

। આણંદ । (સં.ન્યૂ.સ.)

આણંદ કૃષિ યુનિવર્સિટી પ્રસાર શિક્ષણ ભવન, આણંદ અને કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ, નવી દિલ્હીના રાષ્ટ્રીય કૃષિ મહિલા સંશોધન કેન્દ્રના સહયોગથી રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ-૨૦૨૩ નિમિત્તે આણંદ કૃષિ યુનિવર્સિટીની બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચરના ઓડિટોરીયમ ખાતે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે કુલપતિ ડો. કે. બી. કથિરીયાએ મહિલાઓ કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવાની ક્ષમતા રાખે તેમ જણાવી કૃષિમાં પુરૂષો કરતાં પણ વધારે મોટો ફાળો મહિલાઓનો છે. આ પ્રસંગે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, નવી





દિલ્હીના અધિ કમિશ્નર સંજય કુમારે રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસની ઉજવણીના મુખ્ય હેતુની વાત કરતાં જણાવ્યું હતું કે, મહિલા ખેડૂતોને વૈશ્વિક સાંપ્રત ઘટનાઓ, ટેક્નોલોજીને લગતી નવીન બાબતે અને મહિલા વિકાસને લગતી સરકારી યોજનાઓ તથા મહિલાઓ માટે રહેલી ભાવી તકો વિશે માહિતગાર કરી મહિલાઓના વિકાસને વધુ પ્રબળ બનાવવાનો છે.આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે વર્ચ્યુઅલી જોડાયેલા કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, નવી દિલ્હીના જોઈન્ટ સેક્રેટરી સેમ્યુઅલ પ્રવીણ કુમારે વિશ્વમાં ખેતીની શરૂઆત થઈ ત્યારથી જ મહિલાઓનો ખેતીમાં યોગદાન ખૂબ જ મહત્ત્વનો રહ્યો છે તેમ જણાવી મહિલા યોગદાનને વધારવા માટે સરકાર દ્વારા અમલી કરાયેલી વિવિધ યોજનાઓ અને નિતિઓ વિશે માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવો દ્વારા વિવિધ ફોલ્ડર્સ અને પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

**Sandesh Date: 17.10.2023**

public



**આણંદ શહેર: શહેરમાં કૃષિ યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ નિમિત્તે એક દિવસીય સેમિનાર યોજાયો**

Anand City, Anand | Oct 15, 2023

B anandcity Follow

Share



Ministry of Agriculture & Farmer's Welfare, Government of India

2 d


राष्ट्रीय महिला किसान दिवस के अवसर पर आज ऑडिटोरियम हॉल, बी ए कृषि कॉलेज, AAU, आणंद, गुजरात द्वारा आयोजित समारोह में लगाई गई कृषि प्रर्दशनी का कृषि पदाधिकारियों ने अवलोकन किया।

#agrigoi #MahilaKisanDiwas #WomenFarmersDay2023 #womenempowerment #agriexhibition

PMO India Narendra Singh Tomar Kailash Choudhary Shobha Karandlaje MyGovIndia Press Information Bureau - PIB, Government of India Indian Council of Agricultural Research DD Kisan Prasar Bharati News Services

16 5

Like Comment







See more of Ministry of Agriculture & Farmer's Welfare, Government of India on Facebook

Instagram

Log In Sign Up




agrigoi • Follow

agrigoi The National Gender Resource Centre in Agriculture, Directorate of Extension in collaboration with the Extension Education Institute, Anand organized a Conference cum Exhibition on the theme' Sustainable Agriculture for Gender Inclusion and Participation' on the occasion of Mahila Kisan Diwas on 15.10.2023 at Anand.

#agrigoi #MahilaKisanDiwas #WomenFarmersDay2023

65 likes

2 DAYS AGO

Log in to like or comment.

---

**Agriculture INDIA**
@AgriGoI

राष्ट्रीय महिला किसान दिवस के अवसर पर आज ऑडिटोरियम हॉल, बी ए कृषि कॉलेज, AAU, आणंद, गुजरात द्वारा आयोजित समारोह में श्री सैमुअल प्रवीण, संयुक्त सचिव, कृषि विभाग ने वर्चुअली व मौजूद कृषि पदाधिकारियों ने विभिन्न प्रकाशकों की पुस्तकों व फ़ोल्डर्स का विमोचन किया।

#MahilaKisanDiwas

Translate post









PMO India and 9 others